***<u>પ્રેસ રીલીઝ</u>***

**૨૬ ઓગષ્ટ ૨૦૦૭**
**એટલાન્ટા**

## <u>એટલાન્ટા ખાતે ભારતીય સંસ્કૃતિનું ભવ્ય શિખરબધ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું ઉદ્‌ઘાટન</u>

અમેરિકાના જયોર્જિયા રાજયના પાટનગર એટલાન્ટામાં તા. ૨૬ ઓગષ્ટની સવારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નવનિર્મિત ભવ્ય શિખરબધ્ધ મંદિરનું ઉદ્‌ઘાટન પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. શિકાગો, હ્યુસ્ટન, ટોરન્ટો પછી આ ચોથું શિખરબધ્ધ મંદિર બી.એ.પી. એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નોર્થ અમેરિકાની ધરતીને પ્રાપ્ત થયું છે.

ભારતની બહારનું આ સૌથી મોટું શિખરબધ્ધ સ્વામિનારાયણ મંદિર છે જે ઈટાલીના માર્બલ, ટર્કીના લાઈમસ્ટોન તથા ભારતના મકરાણાના માર્બલનો ઉપયોગ કરીને ફકત ૧૭ મહિનામાં નિર્માણ પામેલ છે. ૨૯ એકરના પરિસરમાં ફેલાયેલ આ મંદિર ૨૩૯ ફૂટ લાંબુ, ૧૩૬ ફૂટ પહોળું અને ૭૪ ફૂટ ઉંચું છે જેમાં બાળકો યુવાનો તેમજ મહિલાઓ માટે સંસ્કારલક્ષી અને સંસ્કૃતિલક્ષી પ્રવૃત્તિઓની સુવિધા આપતું ફેમીલી એકટીવીટી સેન્ટરનો પણ સમાવેશ થાય છે. સાથે સાથે મેડીકલ કિલનીક પણ તૈયાર કરવામાં આવેલ છે. મેડીકલ પ્રવૃતિ ઉપરાંત શૈક્ષણીક, રાહત અને સામાજીક એવી વિવિધ ૧૬૨ જેટલી પ્રવૃતિઓનું કેન્દ્ર આ મંદિર બની રહેશે.

છેલ્લા ૩ વર્ષથી પ્રારંભાયેલ આ મંદિર નિર્માણના કાર્યમાં હજારો સ્વયંસેવકોએ ખૂબ પરિશ્રમ વેઠીને સેવા કરી છે. બાળકો અને કિશોરોએ પોતાના મોજ શોખના ખર્ચમાં કાપ મૂકીને પણ આ મંદિરની સેવા માટે યોગદાન આપ્યું છે. મહિલાઓએ પણ આ મંદિર માટે નોધપાત્ર સેવા કરીને સમર્પણનું ઉદાહરણ પૂરું પાડયું છે.

બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે બેન્ડ સૂરાવલી સાથે દેશવિદેશના હજારો હરિભક્તોની હાજરીમાં ભારતીય વેશભૂષામાં સજ્જ બાળકો દ્વારા મહાનુભાવો અને ઉપસ્થિત મહેમાનોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રતિષ્ઠા સભામાં ઉપસ્થિત કોંગ્રેસમેન હેન્રી જોનસએ આજ ના દિવસને બી.એ.પી.એસ. મંદિર દિન જાહેર કર્યો હતો. તેમણે એટલાન્ટાને આવી અપ્રતિમ ભેટ આપવા બદલ બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રેરક અને સર્જક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. અંતે પ્રમુખ સ્વામી મહારાજના આશીવર્ચન પાઠવતા જણાવ્યું હતું કે “આજે મંદિરમા ભગવાન બરાજી ગયા છે. આ મંદિર જે છે તે બધા માટે થયુ છે. જે અહી ભગવાનના દર્શન કરશે તેને સુખ અને શાંતી થશે.” તેમણે સર્વને સદાચારી, નિર્વ્યસની  અને ભગવાનને કેન્દ્રમા રાખી જીવન જીવવા જણાવ્યું હતું. આ પ્રસંગે પૂ. ઈશ્વરચરણ સ્વામીએ   બી.એ.પી.એસ. શતાબ્દી વર્ષની ઉજવણીની પૂર્ણાહુતી અમદાવાદ ખાતે તા. ૧૩-૧૭ ડીસેમ્બર દરમ્યાન પાંચ દિવસ ધામધૂમ પુર્વક ઉજવવાની જાહેરાત કરીને સૌને આમંત્રાણ આપ્યું હતું

આ પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે એટલાન્ટામાં પધારેલા પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજના ૧૫ દિવસના રોકાણ દરમ્યાન અહી બાળદિન, યુવાદિન, મહિલા સંમેલન, સંસ્થા શતાબ્દી મહોત્સવ દિન, કિર્તન આરાધના, વિશ્વશાંતિ મહાયાગ વગેરે અનેક કાર્યક્રમોનું આયોજન થયું હતું. મંદિર મહોત્સવ દરમ્યાન પરંપરાગત વૈદિક યજ્ઞના આયોહન દ્વારા વિશ્વશાંતિ માટેની પ્રાર્થના કરવામાં આવી હતી. તમામ માનવજાતને સુખ-શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટેની પ્રતીકાત્મક વિધિપૂજાઓ પણ થઈ હતી. મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા એટલાન્ટાના રાજમાર્ગો પર નીકળી હતી જેમાં વિવિધ કલામંડિત રથોમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ, ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, રાધાકૃષ્ણ, સીતા-રામ, શિવ-પાર્વતી, ગણપતિજી, હનુમાનજી, નીલકંઠવર્ણી તેમજ ગુરુપરંપરાની મૂર્તિ પધારવામાં આવી હતી. પરંપરાગત રંગેરંગી વેશભૂષામાં શોભતા સત્સંગીઓ ભકિતગીતો ગાતાં અને લોકનૃત્યો કરતાં શોભાયાત્રામાં જોડાયા હતા. યુવકોનું માર્ચિંગ બેન્ડ પણ તેમાં સામેલ હતું. એટલાન્ટાની સ્થાનિક જનતા આ નગરયાત્રાના દર્શન માટે ઉમટી પડી હતી. આ શોભાયાત્રા અને મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે CNN, ABC, WCBS અને અન્ય ટી.વી ચેનલ અને એટલાન્ટા ના સમાચાર પ્રત્રો મોટી સંખ્યામાં હાજર રહી આ ભવ્ય મંદિરના સમાચાર દેશ-વિદેશમા પાઠવયા હતા. મૂર્તિપ્રતિષ્ઠા વિધિનું જીવંત પ્રસારણ ટી. વી. એશિયા, સહાર વન અને આસ્થા ચેનલ દ્વારા અસંખ્ય ભાવિકોને દર્શાવવામાં આવ્યું હતું.

આ મંદિરના નિર્માણ દ્વારા અહી વસતા ભારતીયોમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની લાગણી જન્મી છે. બાળકો અને યુવાનોમાં સંસ્કાર અને પરંપરા પ્રત્યે અનોખી ભાવના જાગૃત થઈ રહી છે અને વિદેશી જનતાને પણ ભારતીય કલાકૃતિ અને ભકિત પરંપરા પ્રત્યે આદરની દ્રષ્ટિ પ્રાપ્ત થઈ રહી છે. આ મંદિર યુગો સુધી વિશ્વના લોકોને સેવા, ભકિત અને સમર્પણનો સંદેશો આપશે.

###